For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ગલેમંડીમાં ચોરોએ શ્રીજીની પ્રતિમા ખંડિત કરી

ગલેમંડીમાં એક જ રાતમાં આઠ ગણપતિ મંડપમાંથી ચોરી

કાઇમ બ્રાન્ચે બે તસ્કરોને ઝડપી પાડ્યા

સુરતઃ શહેરમાં ગણેશભક્તોની લાગણીને ઠેસ પહોંચાડનારી ઘટના સામે આવી છે. ગલેમંડીના દારૂખાના રોડ અને આજુબાજુના વિસ્તારોમાં આવેલા આઠ ગણેશમંડપોમાંથી તસ્કરોએ ચોરી કરી હતી. તસ્કરો આ મંડપોમાંથી ચાંદીની મૂર્તિ, તાંબાના દીવા, પૂજા-અર્ચના માટે રાખવામાં

...અનુસંધાન પાના ૭ પર

(તસવીર : સતીષ જાદવ)

ખંડિત મૂર્તિના સ્થાને નવી મૂર્તિ સ્થાપિત કરવામાં આવી

ગલેમંડી વિસ્તારમાં આવેલા મંડપોમાં ગઇકાલે રાત્રે ચોરીના ઇરાદે ઘૂસેલા બે અજાણ્યા લોકોએ ચોરી દરમિયાન મૂર્તિને ખંડિત કરી દીધી હતી. ઘટનાની જાણ થતાં સવારે પોલીસ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. ખંડિત મૂર્તિને વિસર્જિત કરવાનો નિર્ણય લેવાયો છે અને તેના સ્થાને નવી મંગલ મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે. શ્રીજી વિસર્જનને હવે માત્ર ત્રણ દિવસ જ બાકી છે ત્યારે ગલેમંડી વિસ્તારમાં બનેલી આ ઘટનાથી ભક્તોમાં ભારે રોષ અને નિરાશા ફેલાઈ છે.

ત્રણ દિવસમાં કોટ વિસ્તારના આઠ પંડાલોમાં ધાતુનાં વાસણો-મૂર્તિઓ ચોરાઈ

12 વાગ્યે ફરજિયાત ગણેશ પંડાલ બંધ કરવાના પોલીસના ફરમાન સામે મંડળોમાં નારાજગી

પંડાલ બંધ થતાં ચોરોને છૂટો દોર મળી રહ્યો હોવાનો કળકળાટ

સુરતઃ કોટ વિસ્તારના ગલેમંડી વિસ્તારમાં ગણેશોત્સવની ઉજવણી વચ્ચે ચોરીની ઘટનાઓ વધતા આયોજકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. તાજેતરમાં ગલેમંડીના એક ગણેશ મંડપમાંથી શ્રીજીની પ્રતિમા ખંડિત થતાં માહોલ ગરમાયો હતો. તપાસમાં બહાર આવ્યું કે પ્રતિમા સાથે મંડપમાંથી વાસણોની ચોરી પણ થઈ છે. છેલ્લા ત્રણ દિવસમાં કોટ વિસ્તારના સાત જેટલા મંડપમાંથી ચાંદી, પંચધાતુ તથા પિત્તળની પ્રતિમાઓ, તરભાણું અને આરતી જેવી મૂલ્યવાન ચીજો ચોરી જવા પામી છે.

આ બનાવોને લઈને ગણેશ આયોજકોનો આક્ષેપ છે કે પોલીસ

...અનુસંધાન પાના ૭ પર

ગલેમંડીના પંડાળમાં દોડી આવેલા ધારાસભ્ય કાંતિ બલરની ફરજિયાત પંડાળ બંધ નહીં કરાવવા તાકીદ

ગલેમંડીની ઘટનાના પગલે સ્થળ પર હાજર ઉત્તર વિભાગના ધારાસભ્ય કાંતિ બલરે પોલીસને તાત્કાલિક સૂચના આપી હતી કે ગણેશ મંડપોને રાત્રે 12 વાગ્યે ફરજિયાત બંધ ન કરાવવામાં આવે. સાથે સાથે પેટ્રોલિંગ વધારી ચોરી અટકાવવા માટે સઘન કામગીરી હાથ ધરવાની તાકીદ કરી. ધારાસભ્યએ જણાવ્યું કે ગણેશોત્સવ આનંદનો તહેવાર છે, મંડપ આસપાસ ખાણીપીણીની લારીઓ પણ ચાલુ રહેવી જોઈએ જેથી ભક્તોને તકલીફ ન પડે.

આ ઘટના માત્ર ચોરીની ,ધાર્મિક લાગણી દુભાવવાનો ઈરાદો નથી: ડીસીપી

ગલેમંડીના ગણેશ પંડાલોમાં થયેલી ચોરીને લઈને લોકોમાં અસંતોષ ફેલાયો હતો. પરંતુ પોલીસે સ્પષ્ટતા કરી છે કે આ બનાવને ધાર્મિક રંગ આપવાની જરૂર નથી. ઝોન-૩ના ડીસીપી રાઘવ જૈને જણાવ્યું હતું કે,"આ ઘટના માત્ર ચોરીની છે, ધાર્મિક લાગણી દુભાવવાનો કોઈ ઈરાદો નથી. તપાસમાં સામે આવ્યું છે કે ચોરી કરનારા હિન્દુ સમાજમાંથી જ છે."ડીસીપીએ લોકોને અપીલ કરી કે તેઓ કોઈ અફવા પર વિશ્વાસ ન કરે અને શાંતિ જાળવે. પોલીસ દ્વારા આયોજકો, સ્થાનિક ધારાસભ્યો અને આગેવાનો સાથે મુલાકાત કરીને પરિસ્થિતિની

...અનુસંધાન પાના ૭ પર

ફ્રોડ વિઝા કૌભાંડમાં ATSની એન્ટ્રી, વિવિધ દેશોના કાઉન્સિલર સુધી તપાસનો ધમધમાટ

ભેજાબાજ પ્રતીક શાહની સઘન પૂછપરછ શરૂ, યુકે, કેનેડા અને યુરોપના અન્ય દેશોના કાઉન્સિલર, સ્થાનિક સ્ટાફ સુધી તેની પહોંચ હોવાની શંકા

સુરતઃ અડાજણ વિસ્તારમાંથી PCB અને SOGની સંયુક્ત કામગીરી દરમિયાન નકલી વિઝા બનાવતી ફેક્ટરી પકડાઈ હતી. આરોપી તરીકે પોલીસના હાથમાં લાગેલો પ્રતિક શાહ નામનો શખ્સ અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે. હાલ તે છ દિવસનાં રિમાન્ડ પર છે. અને ચકચારી પ્રકરણમાં ATSની એન્ટ્રી થઈ છે અને પૂછપરછમાં પોલીસને સહકાર ન આપી પરસેવો પડાવી રહેલા પ્રતીક શાહની પૂછપરછ શરૂ કરી છે.

તપાસ દરમિયાન આરોપી પ્રતિક શાહ પાસેથી મળેલા લેપટોપ, મોબાઇલ ફોન અને ડિજિટલ ડિવાઇસોને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા છે. FSL રિપોર્ટ બાદ અનેક નકલી દસ્તાવેજો, પાસપોર્ટ, વિઝા એપ્રૂવલ્સ અને ભ્રામક ઇમેલ્સ અંગે ચોંકાવનારા પુરાવાઓ મળવાની આશા છે. પોલીસને મળેલી પ્રાથમિક માહિતી અનુસાર, આ કૌભાંડ માત્ર સ્થાનિક સ્તરે મર્યાદિત નહોતું, પરંતુ યુકે, કેનેડા અને

...અનુસંધાન પાના ૭ પર

ઉકાઈ ડેમ એલર્ટ લેવલને પાર, 80 ટકા ભરાઈ ગયો, આવક 1.10 લાખ ક્યુસેક

ઉપરવાસમાં વરસાદથી પાણીની આવક વધી, હથનુર અને પ્રકાશા ડેમમાંથી પાણી છોડવાનું ચાલુ

સુરતઃ ઉકાઈ ડેમમાં પાણીનું ભરાવુ ઝડપથી વધી રહ્યું છે. હાલમાં ડેમની સપાટી 337.04 ફૂટ પહોંચી ગઈ છે. જ્યારે ડેમનું એલર્ટ લેવલ 336.34 ફૂટ છે. એટલે કે ડેમ હાલ એલર્ટ લેવલ ઉપર મુકાયો છે. ડેમનું રૂલ લેવલ 340 ફૂટ છે. હાલ ડેમ 80 ટકા ભરાયો હોવાનું સત્તાવાર આંકડા જણાવે છે.

ઓગસ્ટ મહિનાના અંતે ડેમમાં પાણીનો ભરાવ 80 ટકા છે. હવે સતત ઉપરવાસમાં વરસાદ ચાલુ રહેતા ડેમના સ્તરમાં વધારો નોંધાઈ રહ્યો છે. જો ડેમ રૂલ લેવલ 340

...અનુસંધાન પાના ૭ પર

દ.ગુજરાતમાં ત્રણ દિવસ વરસાદની આગાહી

સુરત શહેર અને જિલ્લામાં આજે વરસાદે વિરામ લીધો હતો. પરંતુ હવામાન વિભાગે આગાહી કરી છે કે આવતીકાલથી ફરી ત્રણ દિવસ સુધી વરસાદી વાતાવરણ રહેશે. આજે વરસાદના વિરામ વચ્ચે તાપમાન આંશિક વધીને 32.4 ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાન 26 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 71 ટકા ભેજની સાથે 8 કિમીની ઝડપે દક્ષિણ પશ્ચિમનો પવન ફૂંકાયો હતો.

ડેમના લેવલ મુજબ તેની ક્ષમતા

લેવલ	સપાટી (ફુટ)	ટકા
વોર્નિંગ	331.33	70
એલર્ટ	336.34	80
હાઈએલર્ટ	340.84	90
ભયજનક	345.00	100

ઉધનામાં દારૂની હેરાફેરી કરતાં 2 ટ્રાન્સજેન્ડર સહિત ચાર ઝડપાયા

નકલી ટ્રાન્સજેન્ડરોને ફટકારવા અસલી વ્યંડળો ઉધના પોલીસ સ્ટેશને પહોંચ્યા

આવા ટ્રાન્સજેન્ડરોને અમે દિક્ષા આપી નથી ગીગોલો સાઇટ પર ખોટા ધંધા કરે છે

સુરત : ઉધના પોલીસે બાતમી મળતા દારૂની હેરફેર કરતા બે ટ્રાન્સજેન્ડર સહિત કુલ ચાર લોકોને પોલીસે પકડી પડાયા હતા. જો કે, તેમની આ હરકતથી કિન્નરો રોષે ભરાયા હતાં.

દરમિયાન નકલી વ્યંડળો પકડાયા બાદ આ લોકો અમારી જાતનુ નામ ખરાબ કરી રહ્યા છે જણાવીને અસલી વ્યંડળો ઉધના પોલીસ સ્ટેશન પર ધસી આવ્યા હતા. તેમણે પીઆઈ એસએન દેસાઈને પકડાયેલા ટ્રાન્સજેન્ડર ચેતન ઉર્ફે ઉશિતાકુંવર અને ડેઝી કુંવરને લોકઅપમાથી બહાર કાઢવા જણાવીને

...અનુસંધાન પાના ૭ પર

બાતમી આધારે રેડ પાડી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

ઉધના પોલીસની સર્વેલન્સ ટીમે એક બાતમીના આધારે ઉધના મઠીની ખમણી સામે આવેલા એક ખુલ્લા પ્લોટમાં દરોડો પાડ્યો હતો. અહીંથી પોલીસે એક વેગનઆર ફોર-વ્હીલર કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો જપ્ત કર્યો. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓની પણ ધરપકડ કરી.

ગુનામાં સંડોવાયેલા 4 લોકોની યાદી

પોલીસે નકલી ટ્રાન્સજેન્ડરનો વેશ ધારણ કરનાર ચેતન ઉર્ફે ઈશિતાકુંવર સોમચંદ્ર દરજી (ઉ.વ. 42) અને ડેઝીકુંવર નિર્મલાકુંવર (ઉ.વ. 42) ને ઝડપ્યા. જ્યારે અજય ધીરૂ પટેલ (ઉ.વ. 28): ડ્રાઇવિંગ કરી રહ્યો હતો અને કિશનભાઇ ગગજીભાઈ બાવળીયા (ઉ.વ. 24) સાથે હતો. તે ચારેયને ઝડપી પ્રોહીબીશનનો ગુનો નોંધ્યો.આરોપીઓ પાસેથી કુલ 588 નાની-મોટી દારૂની બોટલો અને બિયરના ટીન જપ્ત કરવામાં આવ્યા, જેની કુલ કિંમત 1,43,280 છે. જ્યારે દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાયેલી વેગનઆર કાર જેની કિંમત 3,00,000 આંકવામાં આવી છે. આ રીતે, પોલીસે કુલ 4,43,280નો મુદ્દામાલ જપ્ત કરીને પ્રોહીબીશનનો એક મોટો કેસ શોધી કાઢ્યો છે.

VNSGUમાં 75 જગ્યા માટે 2 હજારથી વધુ અરજીઓ આવી

મોટા ભાગની અરજીઓ આસિસ્ટન્ટ પ્રોફેસર અને એસોસિએટ પ્રોફેસરની જગ્યા માટે આવી

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલા વિવિધ 18 જેટલા ગ્રાન્ટેડ વિભાગોમાં આસિસ્ટન્ટ પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર અને પ્રોફેસરની ખાલી જગ્યાઓ ભરવા માટે તાજેતરમાં જાહેરાત બહાર પાડવામાં આવી હતી. આ ભરતીમાં કુલ 75 બેઠકો માટે અધધધ 2 હજારથી વધુ ઉમેદવારોએ અરજી કરી છે. જેમાં પીએચ.ડી.,

...અનુસંધાન પાના ૭ પર

યુનિવર્સિટી માટે પારદર્શિતા જાળવવાનો મોટો પ્રશ્ન

લગભગ દાયકાથી ભરતી ન થવાને કારણે આ પ્રક્રિયાને લઇ ઉમેદવારોમાં અપેક્ષા અને આતુરતા બંને છે. યુનિવર્સિટી તંત્ર માટે નિષ્પક્ષતા અને પારદર્શિતા જાળવવી મોટી પડકારજનક બાબત બની રહેશે. ભરતીની દરેક સ્ટેજ પર વહીવટી તંત્રની કામગીરીને લઇને ઉમેદવારો તથા શૈક્ષણિક વર્તુળોની નજર રહેશે.

ઉમેદવારોની તડામાર તૈયારી

નોખી ભરતીને લઈ રાજ્યભરના તેમજ દક્ષિણ ગુજરાતના ઉમેદવારો તૈયારીમાં લાગી ગયા છે. કેટલાક ઉમેદવારો તો છેલ્લા ઘણા વર્ષોથી ખાનગી કોલેજોમાં અધ્યાપન કરી રહ્યાં છે અને હવે ગ્રાન્ટેડ યુનિવર્સિટી કેમ્પસમાં કાયમી નિમણૂક મેળવવા આતુર છે.

SELFIE WITH GANESHA
ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
#SelfieWithGanesh
"ગનુદાદા" સાથે આજીવન યાદગીરી રાખવાની તક આ વખતે ફરી "ગુજરાતમિત્ર" પૂરી પાડે છે. તમારા ઘર, સોસાયટી અથવા વિસ્તારના મંડપમાં બિરાજમાન ગણેશજી સાથેની સેલ્ફી અથવા ગ્રુપની સેલ્ફી પાડો અને મોકલો. અમે "ગુજરાતમિત્ર"માં પ્રકાશિત કરી આજીવન યાદ રહે એવી આપની તસવીર 'સેલ્ફી વિથ ગણેશ' કોર્નરમાં છાપીશું.
તમારી "બાપ્પા" સાથેની સેલ્ફી તમારાં નામ, વિસ્તારનાં નામ અને મોબાઈલ નંબર સાથે નીચે જણાવેલ વોટ્સએપ નંબર પર મોકલી આપો.
8153999903

માત્ર ઉપર જણાવેલ વોટ્સએપ નંબર પર મેસેજ કરેલી સેલ્ફી અને વિગતો જ 'ગુજરાતમિત્ર' અખબારમાં પ્રકાશિત કરવામાં આવશે
ખાસ નોંધ
- માત્ર સેલ્ફી મોડમાં લીધેલી તસવીરો જ પ્રકાશિત કરાશે
- તસવીર સાથે વ્યક્તિ/ વ્યક્તિઓનું નામ, વિસ્તાર અને શહેર/ગામનું નામ અચૂક લખવું.

બે વર્ષના પુત્ર સાથે પરિણીતાનો 13માં માળેથી કૂદી આપઘાત

મૂળ મહેસાણાની અને અલથાણમાં રહેતી પરિણીતા બ્લાઉસ સિવડાવવા ગઇ હતી

દુર્ઘટના બાદ પોલીસે સીસીટીવી કેમેરાની તપાસ શરૂ કરી

સુરતઃ અલથાણા વિસ્તારમાં આવેલા માર્કન્ડ હિલ્સમાં રહેતા અને

લૂમ્સના વ્યવસાય સાથે સંકળાયેલા પટેલ પરિવારની માતા બે વર્ષીય પુત્ર સાથે બિલ્ડિંગના 13મા માળેથી પટકાતા બંને મોતને ભેટ્યા હતા. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં હચમચાવી દીધી હતી. પરિણીતાએ પુત્ર સાથે આપઘાત કર્યો હોવાની પોલીસ દ્વારા આશંકા વ્યક્ત કરાઈ હતી.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ મહેસાણાના વતની અને હાલમાં અલથાણ વિસ્તારમાં આવેલી માર્કન્ડ હિલ્સ બિલ્ડિંગના વિંગના છઠ્ઠા માળે રહેતા વિલેષકુમાર પટેલ તેમની 30 વર્ષીય પત્ની પૂજા અને બે વર્ષના એકના એક પુત્ર ક્રિશિવ સાથે રહે છે. વિલેષકુમાર લૂમ્સનું કારખાનું ચલાવે છે. બુધવારે સાંજે, પૂજા તેમના બે વર્ષના પુત્ર ક્રિશિવને લઈને બિલ્ડિંગના સી વિંગના 13 મા માળે બ્લાઉઝ સિવડાવવા ગઈ હતી. ત્યારે કોઈ અજાણ્યા કારણસર પૂજા અને ક્રિશિવ અચાનક 13મા માળેથી નીચે પટકાયા હતા. તેઓ બિલ્ડિંગમાં સ્થાપિત શ્રીજીની મૂર્તિથી આશરે 50 મીટર દૂર જમીન પર પડ્યા હતા. શ્રીજીની ભક્તિનો આનંદમય

...અનુસંધાન પાના ૭ પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

સુરતી વિશા ખડાયતા અવસાન

સખેદ જણાવવાનું કે, શ્રી જગદીશભાઈ રામદાસ લેખડિયાનું અવસાન તા. ૦૨/૦૯/૨૦૨૫ના રોજ થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે એ પ્રાર્થના.
સદ્‌ગતનું બેસણું તા. ૪/૯/૨૦૨૫ના રોજ ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.
સ્થળ : લાયન્સ કોમ્યુનિટી હોલ, લાલજીનગર, અડાજણ, સુરત.
સ્વ. જગદીશભાઈ રામદાસ લેખડિયા સ્વ. તા. ૦૨/૦૯/૨૦૨૫
લિ. ગં.સ્વ. દક્ષા જગદીશભાઈ લેખડિયા
બિમલ લેખડિયા, પિંકી લેખડિયા, જિગ્નેશ લેખડિયા, ઉર્વી લેખડિયા, હિતેનકુમાર વાઘાણી, ડિમ્પલ વાઘાણી
શુભમ - કાવ્ય - સ્મિત - રિતીકા - મિત

દુઃખદ અવસાન

સ્વ. અમૃતલાલ મણીલાલ પટેલ સ્વ. તા. ૦૩.૦૯.૨૦૨૫
દિલગીરી સહ જણાવવાનું કે મારા પિતાશ્રી અમૃતલાલ મણીલાલ પટેલનું તા.૦૩.૦૯.૨૦૨૫ ને બુધવારના રોજ રાત્રે ૨:૦૦ કલાકે રામ શરણ (અવસાન) થયેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)
સદ્‌ગતનું બેસણું : તા.૦૫.૦૯.૨૦૨૫ ને શુક્રવારના રોજ બપોરે ૩ થી ૫ કલાકે, મહાત્માં ગાંધી હોલ, પાદર દેવી મંદિર પાસે, મોગરાવાડી, વલસાડ ખાતે રાખેલ છે.
લિ.
તેજસ અમૃતલાલ પટેલ (પુત્ર)
ધર્મેશ ઉર્ફે ભોલા અંબેલાલ પટેલ (ભત્રીજા)
સ્થળ : પારડી સાંઢપોર, મોગરાવાડી, વલસાડ.

રાણા દુઃખદ અવસાન-બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી નટવરભાઈ ડાહ્યાભાઈ રાણાનું તા. ૦૩-૦૯-૨૦૨૫ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું :- તા. ૦૫-૦૯-૨૦૨૫ ને શુક્રવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
લિ. ગં.સ્વ. વર્ષાબેન નટવરભાઈ રાણા (પત્ની)
અજય નટવરભાઈ રાણા (પુત્ર)
આશિષ નટવરભાઈ રાણા (પુત્ર)
અંજુ આશિષભાઈ રાણા (પુત્રવધુ)
ગાયત્રી રાકેશકુમાર જરીવાલા (પુત્રી)
રાકેશકુમાર સુરેશભાઈ જરીવાલા (જમાઈ)
પાર્થ- ભવ્યા- વેદાંત (પૌત્ર - પૌત્રી)
સ્વ. નટવરભાઈ ડાહ્યાભાઈ રાણા
સ્વ. તા. ૦૩-૦૯-૨૦૨૫
તિથિ- ભાદરવા સુદ અગિયારસ
નિવાસ સ્થાન:- ઘર.નં- ૬, સાંઈનાથ સોસાયટી, જીવન જ્યોતની પાછળ, ડેનીસ કેકની પાછળ, ભાઠેના, સુરત.

ક્ષત્રિય દુઃખદ અવસાન

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી અરવિંદભાઈ ચુનીલાલ ભોજાવાલા (માંડવીવાલા)નું દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સદ્‌ગતનું બેસણું
તા. ૦૪/૦૯/૨૦૨૫ - ગુરૂવાર । સમય :- સવારે ૯ થી ૧૧:૦૦
ધમણવાલા એસી. હોલ, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરત.
સ્વ. અરવિંદભાઈ ચુનીલાલ ભોજાવાલા (માંડવીવાલા)
સ્વ.તા. ૦૩/૦૯/૨૦૨૫
ભાદરવો સુદ અગિયારસ
લી. ગં. સ્વ. મીનાક્ષીબેન અરવિંદભાઈ ભોજાવાલા
સ્વ. તારક અરવિંદભાઈ ભોજાવાલા, ગં. સ્વ. કલ્યાણી તારક ભોજાવાલા
ઈશાન તારક ભોજાવાલા, છાયા પરેશકુમાર મહુવાગરા
નેહા જીગ્નેશ ખત્રી, નિરાલી આશિષકુમાર ખત્રી
તથા સમસ્ત ભોજાવાલા પરિવાર

છઠ્ઠી માસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

નથી હયાત પરંતુ સાથે જ છો તેવું હંમેશા લાગ્યા કરે છે, હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરે છે. ક્યારેક કહેવાયેલા તમારા સત્સંગના ભણકારા સંભળાયા જ કરે છે અને યાદોમાં તમારા દર્શન થયા જ કરે છે. પ્રભુ તમારા દિવંગત આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..
લિ.
ગં.સ્વ. તારાબેન મોરારભાઈ પટેલ
મોહનભાઈ સુરેશભાઈ ઉર્ફે હંસજીભાઈ પટેલ (ભાઈ)
બોની મોહનભાઈ પટેલ (ભત્રીજા) | દિપકભાઈ લખુભાઈ પટેલ
ઈશ્વરભાઈ શંકરભાઈ પટેલ (સરસાણા) | ગોવિંદભાઈ નાનુભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
સ્વ. મોરારભાઈ સુરેશભાઈ ઉર્ફે હંસજીભાઈ પટેલ
સ્વ. તા. ૦૪/૦૩/૨૦૨૫
નિવાસ સ્થાન : નિકી હાઉસની બાજુમાં, ન્યુ મગદલ્લા, સુરત.

જય સ્વામિનારાયણ
પ્રથમ માસિક શ્રધ્ધાંજલી

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે. હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે. ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે. યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.બળવંતભાઇ રણછોડભાઈ પટેલ -પુત્ર (ડે.સરપંચ)
પ્રવિણભાઇ રણછોડભાઈ પટેલ -પુત્ર
રાજેશભાઈ રણછોડભાઈ પટેલ -પુત્ર
જાગૃતિ બેન ઇશ્વરભાઈ પટેલ -પુત્રી
ઉર્મિલા બેન ભગવતીભાઈ પટેલ -પુત્રી
ગામ- તળાદ, ઓલપાડ, સુરત
સ્વ.પાર્વતિબેન રણછોડભાઈ પટેલ
તારીખ -૦૪/૦૮/૨૦૨૫ ગુરૂવાર

બીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. રતુબેન
લક્ષ્મણભાઈ ભાજીવાલા
જન્મ તા.૦૧/૦૬/૧૯૩૭, સ્વ. તા. ૦૪/૦૯/૨૦૨૩
શ્રાવણ વદ પાંચમ (સોમવાર)
સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દોમાં સમાતી નથી, હરહંમેશ હૈતની લાગણી સહેજ વિસરાતી નથી. આપના સર્વે પ્રત્યે અખૂટ લાગણી સહ આપનો આનંદી અને માયાળુ સ્વભાવ, વ્યવહાર કુશળતા, સંસ્કાર અને સ્નેહ ભાવનાની સુવાસ કદી ભુલાશે નહી. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લિ.
સ્વ. લક્ષ્મણભાઈ ભાણાભાઈ ભાજીવાલા
ઈશ્વરભાઈ લક્ષ્મણભાઈ ભાજીવાલા | કલ્પનાબેન ઈશ્વરભાઈ ભાજીવાલા
ફરસુરામ લક્ષ્મણભાઈ ભાજીવાલા | હેમુબેન ફરસુરામ ભાજીવાલા
રાજુભાઈ લક્ષ્મણભાઈ ભાજીવાલા | જયશ્રીબેન રાજુભાઈ ભાજીવાલા
ધર્મેશભાઈ ફરસુરામ ભાજીવાલા | ભાવીશાબેન ધર્મેશભાઈ ભાજીવાલા
સ્વ. યોગેશભાઈ ઈશ્વરભાઈ ભાજીવાલા | ગં.સ્વ. રીનાબેન યોગેશભાઈ ભાજીવાલા
નિમેષભાઈ ઈશ્વરભાઈ ભાજીવાલા | નિલમબેન નિમેષભાઈ ભાજીવાલા
જયનેશભાઈ ઈશ્વરભાઈ ભાજીવાલા | નિરાલીબેન જયનેશભાઈ ભાજીવાલા
સ્વ. કેવિડભાઈ રાજુભાઈ ભાજીવાલા | ગં.સ્વ. હેતલબેન કેવિડભાઈ ભાજીવાલા
આર્ચી, જીત, દિવ્ય, દ્રષ્ટી, મિત્સી, નિયતી, હેરીન, નૈત્ર, હેલ્સ, શીવ
(પોપટ સ્ટ્રીટ, વેસુગામ, સુરત.)